## MSUના ગુજરાતી વિભાગ દ્વારા સાહિત્યકાર મોહંમદ માંકડને સ્મરણાંજલિ

# મોહંમદ માંકડે સતત ૭૫ વર્ષ સુધી લેખનકાર્ય કરીને ગુજરાતી સાહિત્ય જગતને સમૃદ્ધ બનાવ્યું

### સંદેશમાં ૪૭ વર્ષથી અવિરતપણે ચાલતી મોહંમદ માંકડની કોલમ કેલિડોસ્કોપે યુવાઓને ઘેલું લગાડ્યું હતું

। વડોદરા ।

એમ.એસ.યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ આર્ટ્સના ગુજરાતી વિભાગ દ્વારા આજે મૃણાલિની દેવી પુવાર ઓડિટોરિયમ ખાતે ગુજરાતી સાહિત્યકાર મોહંમદ માંકડ સ્મૃતિવંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તેમના લેખનકાર્ય અને જીવનના વિવિધ પાસાંઓ ઉજાગર કરવામાં આવ્યાં હતા.

કાર્યક્રમની ભૂમિકા બાંધતાં ગુજરાતી વિભાગના પ્રાધ્યાપક ડૉ.પુંડલિક પવારે જણાવ્યું હતું કે, મોહંમદ માંકડે સતત ૭૫ વર્ષ સુધી લેખનકાર્ય કરીને ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ બનાવ્યું છે. સાહિત્ય સાથે વિજ્ઞાનમાં ઊંડો રસ અને ઘટનાઓમાંથી તત્વજ્ઞાનીય તાંતણા ખોળી કાઢવાની પારખી નજર હોવાને કારણે સંદેશ અખબારમાં પ્રસિદ્ધ થતી તેમની કોલમ કેલિડોસ્કોપએ ૪૭ વર્ષની અવિરત સફર પૂર્ણ કરી છે. તેમની આ કોલમે જે-તે સમયે આબાલવૃદ્ધ સૌ કોઈને ઘેલું લગાડ્યું હતું. ૧૯૫૭માં પ્રસિદ્ધ થયેલી તેમની નવલકથા 'કાયર' સૌથી વધુ વંચાયેલી અને ઉત્તમ નવલકથાઓમાં ટોચનું સ્થાન પામી છે. તેઓ ઉમદા શિક્ષક હોવાની સાથે ૧૯૮૪થી ૧૯૯૦ સુધી જીપીએસસીના સભ્ય પણ રહ્યાં હતા. જ્યારે મોહંમદ માંકડ વ્યક્તિ તરીકે કેવાં હતાં તે વિશે ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર ડૉ. જયેન્દ્રસિંહ જાદવે કહ્યું હતું કે, તેમનો જન્મ ભાવનગરના બોટાદ જિલ્લાના પાળીયાદ ગામમાં ૧૯૨૮માં ૧૩ ફેબ્રુઆરીના રોજ થયો હતો. જ્યારે ગત વર્ષ ૨૦૨૨માં ૫ નવેમ્બરના રોજ તેમણે આ ફાની દુનિયાને અલવિદા કર્યું હતું. મોહંમદ માંકડ એક એવાં સર્જક હતાં, જેમણે જેવું લખ્યું છે, તેવાં જ પ્રકારના ઉચ્ચ મૂલ્યોવાળું જીવન તે જીવ્યાં પણ છે. તે ખૂબ જ સાદગીભર્યું વ્યક્તિત્વ ધરાવતાં હતા. જે લેખકોની કૃતિઓ સામાન્ય માણસના અંતરમનને સ્પર્શે તેવાં લેખકોમાં માંકડ સાહેબનું નામ ટોચમાં છે.

તેમણે પોતાની નવલકથાઓ અને વાર્તાઓમાં માનવ મનની વ્યથાઓ અને સમાજની સ્થિતિનું નિરૂપણ કર્યું છે. વળી, તે વિજ્ઞાનના શિક્ષક હોવાને કારણે તેમણે સાહિત્ય અને વિજ્ઞાનને જોડ્યું છે. તેમણે સમયની નવી પરિભાષા આપી ફિઝિક્સની ફિલોસોફીનું વર્ણન પોતાની પુસ્તકોમાં કર્યું છે. જે માટે રાજ્યના જાણીતા વૈજ્ઞાનિક જે.જે.રાવલે પોતાના લેખમાં લખ્યું છે કે, જો વિદેશમાં આ પ્રકારની થીયરી કોઈ લેખકે લખી હોત તો, તેમને નોબેલ પ્રાઈઝ મળ્યું હોત. નોંધનીય છે કે, કાર્યક્રમમાં સ્વ.મોહંમદ માંકડના પુત્ર અનીશ માંકડ, પુત્રી અસ્મા બેન, તેમની પુત્રવધુઓ અને અન્ય સભ્યો હાજર રહ્યાં હતા. તે સાથે જ શહેર-જિલ્લાના કલેક્ટર એ.બી.ગોર, યુનિ.ના વીસી પ્રો.ડૉ.વિજય કુમાર શ્રીવાસ્તવ, ફેકલ્ટી ડીન પ્રો.આધ્યા સક્સેના હાજર રહ્યાં હતા. સ્મૃતિવંદના કાર્યક્રમમાં નાટ્યકાર યતીન ત્રિપાઠી અને તેમની ટીમ દ્વારા મોહંમદ માંકડની 'નથી' વાર્તાને નાટ્યાત્મક ઢબે પ્રસ્તુત કરવામાં આવી હતી.




કાર્યક્રમમાં મોહંમદ માંકડના પરિવારજનો, શહેર-જિલ્લા કલેક્ટર એ.બી.ગોર, MSUના વી.સી. પ્રો.ડો. વિજય કુમાર શ્રીવાસ્તવ, ફેકલ્ટી ડીન ડૉ. આદ્યા સક્સેના અને પ્રો. પુંડલિક પવાર ઉપસ્થિત રહ્યાં હતા.

### મોહંમદ માંકડ પ્રથમ એવા લેખક જેમને ઘરે જઈને ગુજરાત ગૌરવ પુરસ્કાર અપાયો હતો !

મોહંમદ માંકડ ગુજરાતી સાહિત્યના પ્રથમ એવાં લેખક છે. જેમને ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા તેમના ઘરે જઈને ગુજરાત ગૌરવ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. કારણ કે, તેમને ક્યારેય પ્રસિદ્ધ થવાની લાલસા ન હતી. તેમને ક્યારેય સ્ટેજ શોધવું પડ્યું ન હતું, બલ્કે, સ્ટેજ પોતે તેમને શોધતું આવતું હતું. વક્તૃત્વ, લેખની અને કર્તૃત્વમાં વિષમતા ન રહે તેવો નવો ચીલો તેમણે ગુજરાતી સાહિત્યમાં ચીતર્યો હતો, તેવું ડૉ.જયેન્દ્ર સિંહ જાદવે કહ્યું હતું.

### સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદે તેમણે શરૂ કરેલી ૩૨ સ્કીમ, આજે પણ ચાલુ !

એક સાહિત્યકાર જ્યારે વહીવટી ખાતું સંભાળે ત્યારે તે ન તો સાહિત્યકાર રહે છે. ન તો વહીવટ ઠીકથી કરી શકે છે. પરંતુ



મોહંમદ માંકડના સાહિત્યિક પ્રદાનને ધ્યાનમાં રાખીને ૧૯૮૨માં રાજ્ય સરકારે તેમને ગુજરાત સાહિત્ય અકાદમીના પ્રથમ અધ્યક્ષ બનાવ્યાં હતા. તેમણે અઢી વર્ષના ટૂંકા ગાળામાં ૩૨ સ્કીમો શરૂ કરી હતી. જે આજે પણ ચાલુ છે. દીર્ઘ દૃષ્ટિ ધરાવનાર માંકડ સાહેબે વૃદ્ધ સાહિત્યકારોને માસિક સહાય આપવા માટે શરૂ કરેલી સ્કીમ અંતર્ગત આજે ૩૨ સાહિત્યકારો માસિક ૫ હજારનો લાભ મેળવી રહ્યાં છે.

ડૉ.જયેન્દ્રસિંહ જાદવ, ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર

### મોહંમદભાઈએ પોતાની વાર્તાઓમાં ક્યારેય ભાષાનો આડંબર રાખ્યો નથી

મોહંમદભાઈની વાર્તાઓમાં દરેક બાબતોનું ખૂબ જ ઝીણવટભર્યું વર્ણન છે અને અંત આપણે ધાર્યો પણ ન હોય



તેવો હોય છે. વાર્તાના પ્રવાહને ખલેલ પહોંચાડ્યા વિના કલાકૃતિને કેવી રીતે વળગી રહેવું તે તેમની વાર્તાઓમાંથી શીખવા મળે છે. તેમનું લેખન એટલું સહજ છે કે. દરેક સામાન્ય માણસને વાંચીને એવું લાગે કે. આવી વાર્તા તો હું પણ લખી શકું છું. પરંતુ આટલી સહજતાથી લેખનકાર્ય કરનાર મોહંમદ ભાઈ જ્યારે પોતાનું લેખનકાર્ય કરતાં ત્યારે રૂમનું બારણું બંધ કરી દેતાં હતા. કારણ કે. તે વાર્તાના દરેક પાત્ર અને ક્ષણને જીવતાં હતા. તેમણે પોતાની વાર્તાઓમાં ક્યારેય ભાષાનો આડંબર રાખ્યો નથી. **માધવ રામાનુજ**, જાણીતા ગુજરાતી સાહિત્યકાર

### શિક્ષકની નોકરી છોડી સમગ્ર જીવન સાહિત્ય સેવામાં અર્પણ કર્યું

મોહંમદ માંકડને પોતાનામાં એટલી આત્મશ્રદ્ધા હતી કે. કલમને ખોળે પોતાનું માથું મૂકી દીધું હતું. પરિવારના ૭ લોકોનું ગુજરાન કેવી રીતે ચાલશે તેની પરવાહ કર્યા વગર તેમણે સાહિત્યની સેવા માટે માધ્યમિક શાળામાં વિજ્ઞાનના શિક્ષક તરીકેની નોકરી છોડી દીધી હતી. ગુજરાતી સાહિત્ય જગતમાં એવાં જૂજ સાહિત્યકારો છે. જેમણે માત્ર સાહિત્યની સેવા કરી હોય.